# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 10-02-2025 DAY: MONDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

## પરીક્ષા પે ચર્ચા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ધોરણ 10 અને ધોરણ 12ના વિદ્યાર્થીઓ સાથે બોર્ડની પરીક્ષા અંગે વાતચીત કરી અને પરીક્ષાનાં તણાવથી કઈ રીતે દૂર રહેવું તેનું માર્ગદર્શન આપ્યું. પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આહારથી માંડીને વ્યવહાર અને વિચાર સુધીનો ગુરુમંત્ર આપ્યો હતો.

(બાઈટ : નરેન્દ્ર મોદી )

---------------------------------------------------------------------------------------

## પરીક્ષા પે ચર્ચા વિધાર્થીઓની પ્રતિભાવ

પરીક્ષા પે ચર્ચા અંતર્ગત યોજાયેલ સત્રોમાં દેશભરની સાથે ગુજરાતના અનેક વિદ્યાર્થિઓની પણ પસંદગી કરાઈ હતી.

ભુજની ઇન્દિરાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલની ધોરણ 12ની વિદ્યાર્થિની મિતાલીબા ઝાલાએ પણ ભાગ લીધો હતો. તેમણે પરીક્ષા પે ચર્ચાનો પોતાનો અનુભવ આ રીતે વર્ણવ્યો...

(બાઈટ : મીતાલીબા ઝાલા )

---------------------------------------------------------------------------------------

## એક અગત્યની જાહેરાત..

પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫માં ભાગ લેનાર વિદ્યાર્થીઓના પ્રતિભાવોને આવરી લેતો વિશેષ કાર્યક્રમ આજે સાંજે ૭ વાગીને ૫ મીનીટે આકાશવાણી ભુજ પરથી પ્રસારિત કરાશે.

## એક અગત્યની જાહેરાત પૂરી થઇ

---------------------------------------------------------------------------------------

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણી માતાએ જાહેરનામા

આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતાના અમલ માટે જીલ્લા કલેકટર અમિત અરોરાએ લાઉડસ્પીકરના ઉપયોગ અને સભા સરઘસ અંગે જાહેરનામાં બહાર પાડ્યા છે.લાઉડ સ્પીકર વગાડવા બાબતે કરાયેલા પ્રતિબંધાત્મક હુકમ મુજબ કોઈપણ રાજકીય પક્ષો,ઉમેદવારો,રાજકીય કાર્યકરો,સમર્થકોએ નિયત મંચ સિવાય લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવાઈ છે. લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા પહેલા સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવાની રહેશે તેમજ રાત્રિના ૧૦.૦૦ વાગ્યાથી સવારના ૦૮.૦૦ વાગ્યા સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવાર અથવા આવા કોઈ પણ વ્યક્તિ દ્વારા આ નિયમોનો ભંગ કરવામાં આવશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ૧૭૬ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે તેમ જાહેરનામાંમાં જણાવાયું છે.

ઉપરાંત, સમગ્ર કચ્છ જિલ્લામાં પરવાનગી વિના સભા અને સરઘસ યોજવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. તેમજ રાત્રીના ૧૦:૦૦ વાગ્યા થી સવારના ૦૮:૦૦ વાગ્યા સુધી મંડળી, સભા અને સરઘસની પરવાનગી નહીં આપવા ફરમાન કરાયું છે. આ હુકમના કોઈ પણ ભાગનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમ જણાવવામાં આવ્યું છે.

---

# કુલદીપ શર્મા કેસ

અબડાસાના અગ્રણી સદગત અબ્દુલ્લા મંધરા ઉર્ફે ઈભલા શેઠ સામે દુર્વ્યવહાર અને માર મારવાના ૪૧ વર્ષ જુના ચકચારી કેસમાં પૂર્વ પોલીસ વડા કુલદીપ શર્મા અને તેમના સાથી અધિકારીને ભુજ સેશન્સ કોર્ટે દોષિત જાહેર કર્યા છે. પોલીસ વડાની કચેરીમાં રજૂઆત કરવા ગયેલા લોકોને અપમાનિત કરીને માર મારવાના કૃત્યને કોર્ટે ગંભીર અને અયોગ્ય ગણાવ્યું છે. આ કેસમાં ભુજ સેશન્સ કોર્ટે કુલદીપ શર્મા અને તેમના અન્ય એક સાથી અધિકારીને પણ ત્રણ મહિના ની કેદ અને દંડ ફટકાર્યો છે.

---

## સરહદ ડેરી:

સરહદ ડેરીના ચેરમેન તરીકે ફરી એક વખત સહકારી ક્ષેત્રના અગ્રણી વલમજી હુંબલની બિનહરીફ વરણી કરવામાં આવી છે. આજે સરહદ ડેરીના હોદ્દેદારોની યોજાયેલી ચૂંટણીમાં વાઇસ ચેરમેન તરીકે મોતીભાઈ ભરવાડ ની પણ બિનહરીફ પસંદગી કરવામાં આવી છે.

---

## વિશ્વ કર્મા જયંતિ :

જીલ્લામાં આજે વિશ્વ કર્મા જયંતિની શ્રધ્ધા પૂર્વક ઉજવણી થઈ રહી છે. ભુજમાં કચ્છી ગુર્જર લોહાર જ્ઞાતિ દ્વારા પૂજન અર્ચન મહાઆરતી સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લા માં આદિપુર, ગાંધીધામ સહિતના સ્થળો ખાતે પણ ઉજવણીના સમાચાર મળ્યા છે.

---

## સરકારી આર્યુવેદ હોસ્પિટલ

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ ખાતે આવતીકાલે નિ:શુલ્ક “સુવર્ણપ્રાશન કેમ્પ” યોજવામાં આવશે. જેમાં જન્મથી ૧૨ વર્ષની ઉંમર સુધીના બાળકો માટે “સુવર્ણ પ્રાશનનાં ટીપાં” સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ અને સાંજે ૪:૦૦ થી ૫:૩૦ સુધી પીવડાવવામાં આવશે. આ ઉપરાંત, “કુપોષણ નિવારણ કેમ્પ” યોજાશે, જેમાં નબળા બાળકોને તથા લોહીની ઉણપ ધરાવતા બાળકોને શક્તિવર્ધક તેમજ રક્તવર્ધક આયુર્વેદિક અને હોમિયોપેથી દવાનું પણ વિતરણ કરવામાં આવશે.

---

## ભૂકંપનો આચકો :

જીલ્લામાં ભૂકંપના આંચકાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. આજે વહેલી પરોઢે પૂર્વ કચ્છમાં રાપર તાલુકાથી 7 કિલોમીટર દૂર દક્ષિણ-પશ્ચિમ દિશામાં ગઈ રાત્રે 2 અને 46 મીનિટે 3.1ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો તેમ ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી રિસર્ચ કચેરીએ જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂકંપ ઝોન-5માં આવતા કચ્છમાં, ખાસ કરીને વાગડ ફોલ્ટ લાઈન પર, નાના-મોટા આંચકાઓ સતત નોંધાતા રહે છે. તાજેતરમાં જ ત્રીજી ફેબ્રુઆરીએ ભચાઉથી 15 કિલોમીટર દૂર 2.7ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો.

---